## ગ્રંથાલય :

મહાવિદ્યાલયનું સમૃદ્ધ ગ્રંથાલય પાઠ્યપુસ્તકો, સંદર્ભગ્રંથો, સામયિકો, જર્નલો, સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો તથા દૈનિક સમાચારપત્રોથી સજ્જ છે. નિયમિત પ્રવેશ ધરાવતા વિદ્યાર્થીઓને ગ્રંથાલય સભ્યપદ આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીને એક સમયે બે પુસ્તકો ૧૫ દિવસ માટે આપવામાં આવે છે. ગ્રંથાલયની તમામ સંપત્તિનો કાળજીપૂર્વક ઉપયોગ કરવો અને નિયમોનું પાલન કરવું આવશ્યક છે.

## વિદ્યાર્થી આચારસંહિતા અને શિસ્તના નિયમો :

- તમામ પિરિયડમાં નિયમિત હાજરી આપવી ફરજિયાત છે.
- વર્ગખંડ અને કેમ્પસમાં શિસ્ત જાળવવું.
- મહાવિદ્યાલયનું ઓળખપત્ર હંમેશા સાથે રાખવું.
- આંતરિક પરીક્ષા અને અસાઇન્મેન્ટ આપવા ફરજિયાત છે.
- મહાવિદ્યાલયની મિલકતને નુકસાન પહોંચાડવું, ગેરરીતિ કરવી અથવા અશિસ્તપૂર્ણ વર્તન કરવું દંડનીય છે.
- કેમ્પસમાં તમાકુ, ગુટખા, ધૂમ્રપાન તથા ગંદકી ફેલાવવી સખત મનાઈ છે.
- મોબાઇલ ફોનનો અનધિકૃત ઉપયોગ પ્રતિબંધિત છે.
- વાહનો નિર્ધારિત પાર્કિંગમાં જ પાર્ક કરવા.
- મહાવિદ્યાલયની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવી કોઈપણ પ્રવૃત્તિ શિસ્તભંગ ગણાશે.
- મહાવિદ્યાલય, મેનેજમેન્ટ અથવા વિશ્વવિદ્યાલય દ્વારા સમયાંતરે કરવામાં આવતા નિયમોના ફેરફારો તમામ વિદ્યાર્થીઓ માટે બંધનકર્તા રહેશે.

## શૈક્ષણિક સ્ટાફ :



**પ્રિ. ડૉ. સંજયકુમાર પી. લાલાણી**
એમ.એ., પીએચ.ડી., પીએચ.ડી. સુપરવાઇઝર
વિષય : અંગ્રેજી



**પ્રા. રોહિતકુમાર બી. ઢીમ્મર**
એમ.કોમ.
વિષય : એકાઉન્ટન્સી



**પ્રા. દક્ષાબેન એસ. કોન્ટ્રાકટર**
એમ.એ.
વિષય : હિન્દી



**ડૉ. સુરવીરસિંહ આઈ. ઠાકોર**
એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી., પીએચ.ડી. સુપરવાઇઝર
વિષય : સંસ્કૃત



**ડૉ. ગીતાબેન આર. ગરાસીયા**
એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી.
વિષય : ગુજરાતી



**ડૉ. રમેશભાઈ એસ. માછી**
એમ.એ., એમ.ફિલ., નેટ, પીએચ.ડી., પીએચ.ડી. સુપરવાઇઝર
વિષય : ગુજરાતી



**ડૉ. રીટાબેન બી. પટેલ**
એમ.એ., પીએચ.ડી., સ્લેટ
વિષય : અંગ્રેજી



**ડૉ. રાજેશકુમાર પી. પટેલ**
એમ.કોમ., એમ.ફિલ., પીએચ.ડી., પીએચ.ડી. સુપરવાઇઝર
વિષય : વાણિજ્ય સંચાલન અને બેંકિંગ



**ડૉ. પ્રવીણકુમાર વી. ચૌધરી**
એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી., જીસેટ, પીએચ.ડી. સુપરવાઇઝર
વિષય : ઇતિહાસ



**ડૉ. દિવ્યાની એલ. પટેલ**
એમ.એ., એમ.ફિલ., પી.જી.ડી.આર.એમ., પીએચ.ડી., જીસેટ, પીએચ.ડી. સુપરવાઇઝર
વિષય : અર્થશાસ્ત્ર



**ડૉ. રચનાબહેન આઈ. પટેલ**
એમ.એ., બી.એડ., એમ.ફિલ., પીએચ.ડી., જીસેટ, નેટ
વિષય : ગુજરાતી



**ડૉ. અમિતકુમાર પી. પટેલ**
એમ.કોમ. (ગોલ્ડ મેડલ), પીએચ.ડી., જીસેટ, નેટ, પીએચ.ડી. સુપરવાઇઝર
વિષય : એકાઉન્ટન્સી, બેંકિંગ, માર્કેટિંગ



**ડૉ. બિપિનચંદ્ર સી. બરૂવાલા**
એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી.
વિષય : અર્થશાસ્ત્ર



**પ્રા. નાઝમીન એસ. અન્સારી**
એમ.એ.
વિષય : અર્થશાસ્ત્ર



**પ્રા. અજયકુમાર એમ. સોલંકી**
એમ.બી.એ., એમ.કોમ., જીસેટ
વિષય : આંકડાશાસ્ત્ર



**પ્રા. ઉન્નતિકુમારી એમ. પટેલ**
એમ.કોમ.
વિષય : વાણિજ્ય સંચાલન અને બેંકિંગ

## વહીવટી સ્ટાફ :

શ્રી કાંતિભાઈ એમ. ટંડેલ (બી.એ., એમ.લિબ.) - ગ્રંથપાલ
શ્રી ભરતકુમાર આઈ. માળી - ઓફિસ સુપ્રિટેન્ડન્ટ
શ્રી રાકેશકુમાર આર. રાણા - સેવકભાઈ
શ્રી મુકેશભાઈ ડી. દેસાઈ - એડહોક કલાર્ક
શ્રી રાકેશકુમાર એમ. પટેલ - એડહોક કલાર્ક
શ્રી મુકેશભાઈ આર. પટેલ - એડહોક કલાર્ક
શ્રી ધ્રુવ જી. પટેલ - એડહોક કલાર્ક
શ્રી ભાવેશકુમાર એન. રાઠોડ - એડહોક ગ્રંથપાલ સહાયક
શ્રી વિપુલકુમાર એન. પટેલ - એડહોક સેવકભાઈ
શ્રી હર્ષ એ. પટેલ - એડહોક સેવકભાઈ

## મહાવિદ્યાલયની વિવિધ પ્રવૃત્તિઓની તસવીરી ઝલક :



એન.એસ.એસ. ના સ્વયંસેવકો અને એન.સી.સી. ના કેડેટ્સ દ્વારા તા.૧૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ આયોજિત થયેલી આ મહા-તિરંગા યાત્રા



મોર ગામના દરિયા કિનારે સ્વચ્છતાના શંખનાદ સાથે હાથ ધરાયેલું ભગીરથ સફાઈ અભિયાન




સુમુલ ડેરી (સુરત) : મુખ્ય મથકની સફળ મુલાકાત બાદ કેમ્પસમાં ગર્વભેર ઉભેલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો




VNSGU આયોજિત પર મા 'રાણી અબક્કાદેવી યુવા મહોત્સવ' ની ભવ્ય કલાયાત્રાની આકર્ષક ઝાંખી




તા.૨૮-૦૨-૨૦૨૬ : લાયન્સ કલબના સહયોગથી આયોજિત સેમિનારમાં ગુરુમંત્રો આપતા સાયબર એક્સપર્ટ શ્રી જીત પ્રજાપતિ

### શ્રી સુરત જિલ્લા સ્પિનિંગ મિલ વિદ્યાસંકુલ

હાથીસા રોડ, મુ.પો. ઓલપાડ, જિ. સુરત, ગુજરાત-૩૯૪૫૪૦
ફોન. નં. : ૯૫૧૦૭ ૮૬૨૦૩
E-mail : olpadcollege@yahoo.co.in | Website : www.olpadcollege.edu.in

Estd. : 1991



આદ્યસ્થાપક
સ્વ. શ્રી પ્રમોદભાઇ કે. દેસાઇ
પ્રમુખ - ૧૯૯૧ થી ૨૦૦૧

શ્રી પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈ કેળવણી મંડળ સંચાલિત

# શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ

Grant-in-aid College, Affiliated to Veer Narmad South Gujarat University, Surat
Re-Accredited "B" Grade by NAAC (Cycle-2)




# માહિતી પત્રક

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭

*આજનું શિક્ષણ,*
*આવતીકાલનું નેતૃત્વ*




**આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર પી. લાલાણી**

## શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આટ્ર્સ કોલેજ, ઓલપાડ

## શ્રી પી. કે. દેસાઇ કેળવણી મંડળ, ઓલપાડના હોદ્દેદારશ્રી અને ટ્રસ્ટીશ્રી


- શ્રી બળવંતભાઈ આર. પટેલ . . . . . . . . . . . . . . . પ્રમુખશ્રી
- શ્રી જયેશભાઈ એન. પટેલ . . . . . . . . . . . . . ઉપપ્રમુખશ્રી
- શ્રી રાયસિંહભાઈ એસ. ચૌહાણ . . . . . . . . . . . ઉપપ્રમુખશ્રી
- શ્રી વસંતભાઈ આર. પટેલ . . . . . . . . . . . . માનદ્‌મંત્રીશ્રી
- શ્રી રતિલાલ જી. પટેલ . . . . . . . . . . . . . સહમાનદ્‌મંત્રીશ્રી
- શ્રી મનહરભાઈ કે. પટેલ . . . . . . . . . . . . . . ખજાનચીશ્રી
- શ્રી દોલતસિંહ જી. મહીડા . . . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી
- સ્વ. મોહનભાઈ ડી. પટેલ . . . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી
- શ્રી ગોવિંદભાઈ બી. પટેલ . . . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી
- શ્રી ધનસુખભાઈ એન. પટેલ . . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી
- શ્રી જયંતીભાઈ એન. પટેલ . . . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી
- શ્રી હસમુખભાઈ સી. પટેલ . . . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી
- શ્રી દિપેશભાઇ એમ. રણોદરિયા . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી
- શ્રી અનિલભાઈ બી. પટેલ . . . . . . . . . . . . . . ટ્રસ્ટીશ્રી


### સંચાલક મંડળ વિશે :

શ્રી પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈ કેળવણી મંડળ, ઓલપાડ, શિક્ષણ ક્ષેત્રે અવિરત સેવાઓ અર્પણ કરતી પ્રતિષ્ઠિત અને પ્રગતિશીલ સંસ્થા છે. ગ્રામ્ય અને કાંઠા વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુથી સંસ્થાની સ્થાપના જૂન-૧૯૯૧માં કરવામાં આવી હતી.

સંસ્થાના માર્ગદર્શન હેઠળ શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આટ્ર્સ કોલેજ, ઓલપાડ સફળતાપૂર્વક કાર્યરત છે. અહીં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આટ્ર્સ તથા કોમર્સના વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

સંસ્થાને UGC દ્વારા માન્યતા પ્રાપ્ત છે તથા NAAC દ્વારા ગુણવત્તા પ્રમાણિત કરવામાં આવી છે. આ સંસ્થા શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસના મૂલ્યો સાથે કાર્યરત રહી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરે છે.

પરમપૂજ્ય સ્વ. શ્રી પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈ (પ્રમોદકાકા), સ્વ. શ્રી વ્રજલાલભાઈ બાલુભાઈ પટેલ (બાબુકાકા) તથા સ્વ. શ્રી ગોમાનભાઈ પટેલના દુરંદેશી યોગદાનથી સ્થપાયેલી આ સંસ્થા આજે જ્ઞાનના પ્રકાશથી હજારો વિદ્યાર્થીઓના જીવનને ઉજ્જવળ બનાવી રહી છે. સંસ્થાના વર્તમાન આગેવાનોના સક્રિય માર્ગદર્શન હેઠળ સંસ્થા સતત પ્રગતિના નવા સોપાનો સર કરી રહી છે.

### કોલેજ વિશે :

ઓલપાડ પ્રાંતના કાંઠા વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધા તેમના ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુથી જૂન-૧૯૯૧માં આ મહાવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી. ૧૫૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આ સંસ્થા આજે દર વર્ષે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરતી પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે વિકસી છે.

સંસ્થાના પ્રથમ આચાર્ય સ્વ. શ્રી શુકલભાઈ એ. રાણાએ મજબૂત પાયો નાખ્યો હતો, જ્યારે ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલે શૈક્ષણિક અને વહીવટી વિકાસને નવી દિશા આપી હતી. હાલમાં ડૉ. સંજયકુમાર પી. લાલાણીના નેતૃત્વ હેઠળ સંસ્થા સતત પ્રગતિના નવા શિખરો સર કરી રહી છે.

મહાવિદ્યાલયમાં UGCના ધોરણો અનુસાર નિયુક્ત અનુભવી અને સમર્પિત અધ્યાપકો તથા કાર્યકુશળ વહીવટી સ્ટાફ કાર્યરત છે, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના અનુદાનથી સંચાલિત આ ગ્રાન્ટ-ઇન-એડ સંસ્થા ગુણવત્તાયુક્ત શિક્ષણ, શૈક્ષણિક શિસ્ત અને મૂલ્યનિષ્ઠ કેળવણી દ્વારા જવાબદાર અને સક્ષમ નાગરિકોના ઘડતર માટે પ્રતિબદ્ધ છે.

### કોલેજનું મકાન અને સુવિધાઓ :

ઓલપાડ-હાથીસા માર્ગ પર સુરતથી આશરે ૧૭ કિ.મી.ના અંતરે આવેલું મહાવિદ્યાલય હરિયાળીથી ઘેરાયેલા શાંત, સ્વચ્છ અને કુદરતી સૌંદર્યસભર વાતાવરણમાં સ્થિત છે. વિશાળ કેમ્પસ અને અભ્યાસને અનુકૂળ વાતાવરણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રેરણાદાયી સાબિત થાય છે.

મહાવિદ્યાલયમાં શૈક્ષણિક તથા સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓમાં શિસ્ત, નેતૃત્વ, દેશભક્તિ અને સેવાભાવના જેવા ગુણોના વિકાસ માટે ૫ ગુજરાત બટાલિયન એન.સી.સી. તથા ૬ ગુજરાત બટાલિયન ગર્લ્સ એન.સી.સી.ના એકમો કાર્યરત છે. રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ વિદ્યાર્થીઓએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

રમતગમત માટે વિશાળ મેદાન તેમજ ક્રિકેટ, ફૂટબોલ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ જેવી આઉટડોર અને ચેસ, કેરમ, બેડમિન્ટન તથા ટેબલ ટેનિસ જેવી ઇન્ડોર રમતોની સુવિધા ઉપલબ્ધ છે. ઉપરાંત વિદ્યાર્થીઓને રોજગારલક્ષી કૌશલ્યોથી સજ્જ બનાવવા માટે વિવિધ કૌશલ્ય આધારિત અને પ્રમાણિત અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે.

આ રીતે મહાવિદ્યાલય ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ, નેતૃત્વ, કૌશલ્ય અને રાષ્ટ્રીય ચેતનાના વિકાસ માટે સતત કાર્યરત છે.

### અભ્યાસના વિષયો (સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ) :

#### વિનયન પ્રવાહ (Arts Stream)

**Bachelor of Arts : માધ્યમ - ગુજરાતી**

- Major : ગુજરાતી અથવા ઇતિહાસ
- Minor/MDC : સંસ્કૃત અથવા હિન્દી/અર્થશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર
- AEC / SEC : અંગ્રેજી અથવા ગુજરાતી
- VAC : ભારતીય જ્ઞાન પરંપરા અથવા પર્યાવરણ

**Master of Arts : માધ્યમ - ગુજરાતી**

- ગુજરાતી
- ઇતિહાસ

#### વાણિજ્ય પ્રવાહ (Commerce Stream)

**Bachelor of Commerce : માધ્યમ - ગુજરાતી અને અંગ્રેજી**

- Major : એકાઉન્ટન્સી, વાણિજ્ય સંચાલન
- Minor : અર્થશાસ્ત્ર
- MDC : આંકડાશાસ્ત્ર
- AEC : અંગ્રેજી અથવા ગુજરાતી
- SEC : બેંકિંગ
- VAC : ભારતીય જ્ઞાન પરંપરા અથવા પર્યાવરણ

**Master of Commerce : માધ્યમ - ગુજરાતી**

- નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ

**પીએચ.ડી. માર્ગદર્શન :** અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, એકાઉન્ટન્સી અને કોમર્સ

### આંતરિક મૂલ્યાંકન પરીક્ષા અંગેની મહત્વપૂર્ણ સૂચનાઓ :

વિદ્યાર્થીઓના શૈક્ષણિક મૂલ્યાંકન માટે વિશ્વવિદ્યાલયના નિયમો અનુસાર દરેક સેમેસ્ટરમાં આંતરિક મૂલ્યાંકન પરીક્ષાઓ યોજવામાં આવે છે. વિદ્યાર્થીઓએ નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી :

૧. દરેક વિદ્યાર્થી માટે આંતરિક મૂલ્યાંકન પરીક્ષામાં હાજરી આપવી ફરજિયાત છે. નિયમોનું પાલન ન કરનાર વિદ્યાર્થીનું વિશ્વવિદ્યાલય પરીક્ષાનું આવેદનપત્ર રદ થઈ શકે છે.

૨. વાજબી કારણસર પરીક્ષામાં હાજર રહી શકાય તેમ ન હોય તો અગાઉથી આચાર્યશ્રીને લેખિત અરજી કરવી. માંદગીના કિસ્સામાં માન્ય તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત રહેશે.

૩. પરીક્ષા દરમિયાન મોબાઇલ ફોન, પુસ્તકો, નોટબુક અથવા અન્ય અનધિકૃત સામગ્રીનો ઉપયોગ પ્રતિબંધિત છે. નિયમ ભંગ બદલ વિશ્વવિદ્યાલયના નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૪. વિશ્વવિદ્યાલયના નિયમો મુજબ નિર્ધારિત હેડ પૈકી ઓછામાં ઓછા અડધા હેડમાં પાસ થવું ફરજિયાત છે. અન્યથા વિદ્યાર્થી નાપાસ ગણાશે અને જરૂરી હોય તો તેનું પરીક્ષા ફોર્મ પરત ખેંચવામાં આવી શકે છે.

### સત્રો અને હાજરી :

- મહાવિદ્યાલયમાં દર શૈક્ષણિક વર્ષ દરમિયાન બે સત્રો રહેશે. પ્રથમ સત્ર સામાન્ય રીતે ૧૫ જુનથી શરૂ થશે.
- વિશ્વવિદ્યાલયના નિયમો મુજબ દરેક વિદ્યાર્થીએ ઓછામાં ઓછી ૭૫% હાજરી જાળવવી ફરજિયાત છે. ૭૫% કરતાં ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થી પરીક્ષામાં બેસવા માટે પાત્ર ગણાશે નહીં.
- વિદ્યાર્થી જે દિવસે તમામ નિયત પિરિયડોમાં હાજર રહેશે તેની હાજરી પૂર્ણ ગણવામાં આવશે.
- દરેક સત્રમાં દરેક પેપર માટે એક હોમ અસાઇન્મેન્ટ તથા બે ક્લાસ અસાઇન્મેન્ટ પૂર્ણ કરવાના રહેશે.
- સંતોષકારક હાજરી, શિસ્ત, અભ્યાસ પ્રત્યેની નિષ્ઠા અને શૈક્ષણિક પ્રગતિ ધરાવતા વિદ્યાર્થીઓ જ વિશ્વવિદ્યાલય પરીક્ષામાં બેસવા માટે પાત્ર ગણાશે.
- આચાર્યશ્રીની પૂર્વ મંજૂરી વિના લાંબા સમય સુધી ગેરહાજર રહેવું શિસ્તભંગ ગણાશે.
- માંદગી અથવા અન્ય વાજબી કારણસર ગેરહાજરીના કિસ્સામાં લેખિત અરજી તથા જરૂરી હોય ત્યાં માન્ય તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત રહેશે.

### શારીરિક શિક્ષણ :

વિશ્વવિદ્યાલયના નિયમો મુજબ સ્નાતક કક્ષાના પ્રથમ બે વર્ષના તમામ વિદ્યાર્થીઓ માટે શારીરિક શિક્ષણ ફરજિયાત છે. NCC અથવા NSS સાથે જોડાયેલા તેમજ માન્ય તબીબી પ્રમાણપત્ર ધરાવતા શારીરિક રીતે અશક્ત વિદ્યાર્થીઓને તેમાં મુક્તિ આપવામાં આવે છે.

### રાષ્ટ્રીય સેવા યોજના (NSS) :

મહાવિદ્યાલયમાં NSS એકમ દ્વારા સામાજિક જાગૃતિ, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, આરોગ્ય જાગૃતિ, તાલીમ શિબિરો અને વિશેષ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. NSS વિદ્યાર્થીઓમાં સેવાભાવ, નેતૃત્વ અને સામાજિક જવાબદારીના ગુણો વિકસાવે છે. NSS સાથે જોડાયેલા વિદ્યાર્થીઓએ તમામ કાર્યક્રમોમાં નિયમિત હાજરી આપવી આવશ્યક છે.

### રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ (NCC) :

મહાવિદ્યાલયમાં ૫ ગુજરાત બટાલિયન NCC તથા ૬ ગુજરાત બટાલિયન ગર્લ્સ NCC કાર્યરત છે. NCC દ્વારા વિદ્યાર્થીઓમાં શિસ્ત, નેતૃત્વ, દેશભક્તિ અને રાષ્ટ્રીય ચેતનાનો વિકાસ થાય છે. કેડેટ્સની પસંદગી શારીરિક અને બૌદ્ધિક કસોટી તેમજ ધોરણ-૧૨ના ગુણના આધારે કરવામાં આવે છે. NCC તાલીમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને સશસ્ત્ર દળો, પોલીસ અને અન્ય સરકારી સેવાઓમાં વિશેષ લાભ મળે છે.

### ઇતર પ્રવૃત્તિઓ :

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહાવિદ્યાલયમાં શૈક્ષણિક પ્રવાસો, ઔદ્યોગિક મુલાકાતો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાઓ, ક્વિઝ, સેમિનાર, વર્કશોપ, કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમો તથા યુવક મહોત્સવ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

### પારિતોષિકો અને સન્માન :

વિશ્વવિદ્યાલય પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તેમજ રમતગમત, NCC, NSS, યુવક મહોત્સવ અને અન્ય સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પારિતોષિકો, પ્રમાણપત્રો અને સન્માન એનાયત કરવામાં આવે છે.

### કૌશલ્યવર્ધક સર્ટિફિકેટ કોર્સ :

વિદ્યાર્થીઓને રોજગારલક્ષી કૌશલ્યોથી સજ્જ બનાવવા માટે મહાવિદ્યાલયમાં વિવિધ કૌશલ્યવર્ધક સર્ટિફિકેટ કોર્સ ઉપલબ્ધ છે. દરેક વિદ્યાર્થીએ વર્ષ દરમ્યાન ઓછામાં ઓછો એક સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરવો ફરજિયાત રહેશે. કોર્સની પસંદગી વિદ્યાર્થીઓ પોતાની રૂચિ અને ભાવિ કારકિર્દીને ધ્યાનમાં રાખીને કરી શકે છે.